





## અંબાજીમાં મોડી સાંજે ભારે પવન સાથે વરસાદથી પ્રજા-યાત્રિકો ખુશીથી ઝુમ્યા

જગપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં આજે સવારથી જ કાળઝાળ ગરમીથી ત્રસ્ત લોકો બપોર બાદ એકાએક વાદળછાયુ વાતાવરણ સર્જાયા પછી મોડી સાંજે જોરદાર પવન વાવાઝોડા સાથે એકાએક વરસાદ પડતા હાલમાં કાળઝાળ ગરમીથી તોબા પોકારી ગયેલ સ્થાનિક પ્રજા અને યાત્રિકોમાં ખુશીની લાગણી સાથે સર્વત્ર ઠંડક પ્રસરી ગઈ હતી. અમારા અંબાજીના પ્રતિનિધિ રણજીત તરાલે મોડી સાંજે વરસાદ અંગેના અહેવાલ આપતાં જણાવેલ કે હાલમાં ૪૦ થી ૪૩ ડીગ્રી ગરમી વચ્ચે આમપ્રજા-પશુપંખી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે આજે સાંજે જોરદાર પવન સાથે અંબાજી સહીત આજુબાજુ વરસાદ આવતાં લોકોએ ભારે ગરમીમાં રાહત અનુભવી છે. ભારે વાવાઝોડાથી વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જ્યારે બ્રહ્મપુરી ભાટવાસ, માનસરોવર, કુંભારીયારોડ, ગબ્બર રોડ પર લોકોના ઘરના પતરાં ભારે પવનથી ઉડી ગયા હતા. વરસાદ પડતા લોકો ખુશીથી ઝુમી ઉઠ્યા હતા.

# ગુજરાતમાં ૧૭મી સુધીમાં ચોમાસાનો વિધિવત આરંભ

નવીદિલ્હી, તા. ૧

મોનસુને કેરળ અને નોર્થ ઈસ્ટમાં એક સાથે એન્ટ્રી કરી દીધી છે. અમદાવાદ સહિત ગુજરાત ભરમાં મોનસુનની ૧૬-૧૭મી સુધી એન્ટ્રી થઈ શકે છે. આગામી ત્રણ દિવસમાં કર્ણાટક, તમિળનાડુ અને ઉત્તરપૂર્વના જુદા જુદા ભાગોને કવર કરી લે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામા ંઆવી છે.બેંગ્લોર સહિત કર્ણાટકના જુદા જુદા હિસ્સામાં ત્રીજી જુન સુધી મોનસુન પહોંચી જશે. આ જ સમયમાં આસામના ગુવાહાટી સહિત પૂર્વોતર ભારતમાં પણ મોનસુન પહોંચી જાય તેવી શક્યતા છે. ગોવા અને હૈદરાબાદ સહિત તેલંગણા અને આંધ્રપ્રદેશમાં મોનસુનની પાંચમી-છઠ્ઠી જુનના દિવસે એન્ટ્રી થઈ શકે છે. સામાન્ય ગતિથી આગળ વધતા મોનસુન મહારાષ્ટ્રાના મુંબઈ, નાગપુર તથા કોલકત્તા અને ભુવનેશ્વર સહિત ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં સાતમી જુનથી ૧૦મી જુન વચ્ચે મોનસુન પહોંચી શકે છે. કેટલાક અન્ય વિસ્તારોમાં મોનસુનનો ઈન્તજાર ૧૨ અને ૧૬મી જુનના દિવસે પૂર્ણ થશે. એ વખતે તે ભોપાલ, પટણા સહિત મધ્યપ્રદેશ, છત્તિસગઢ, ઝારખંડ અને બિહારમાં એન્ટ્રી કરી દેશે. અમદાવાદ, અલ્હાબાદ, વારાણસી સહિત ગુજરાત અને પૂર્વીય ઉત્તરપ્રદેશના ભાગોમાં ૧૬ અને ૧૭મી જુનના દિવસે મોનસુનની એન્ટ્રી થાય તેવી શક્યતા છે. બીજી બાજુ લખનૌમાં ૨૦થી ૨૨મી જુનના દિવસે મોનસુન પહોંચી શકે છે. દેશના પાટનગર દિલ્હી, આગરા અને જયપુરની સાથે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ૨૪ અને ૨૮મી જુન વચ્ચે મોનસુન વરસાદ થઈ શકે છે.

રાજસ્થાનના બાકીના હિસ્સા, પંજાબ અને હરિયાણામાં જુલાઈના પ્રથમ સપ્તાહમા મોનસુનની એન્ટ્રી થઈ શકે છે. ૧૫મી જુલાઈના સુધી મોનસુન દેશના તમામ હિસ્સાઓ સુધી પહોંચી જશે. સ્કાયમેટના મોનસુન અંદાજ મુજબ આ વર્ષે મોનસુન સામાન્ય રહેવાની શક્યતા છે.

# નબળા પરિણામના પગલે થતી આત્મહત્યાઓ ટળી

## જીવન આસ્થા હેલ્પલાઈનની યશસ્વી કામગીરી : પરિણામના દિવસોમાં ૧૫૦થી વધુ કોલ્સ મળ્યા : જિલ્લામાં એક પણ આત્મહત્યા નહી : કેનાલ પર સતત પેટ્રોલીંગ કરાયુ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત માધ્યમિક બોર્ડના પરિણામ આવવાના હોઈ ગાંધીનગરની પોલીસ અધિક્ષક કચેરીથી કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈન પર કાઉન્સિલીંગની મદદ માંગતા કોલ્સમાં ખૂબ વધારો જોવા મળ્યો હતો. બોર્ડના પરિણામ જાહેર થતા જ સામાન્ય દિવસોમાં હેલ્પલાઈન પર ૩૦ થી ૩૫ કોલ્સની સંખ્યા હતી તે વધીને ૧૫૦થી વધુ કોલ્સ પર પહોંચી જવા પામી હતી. આ કાઉન્સિલીંગ સાથે નર્મદા કેનાલ પરના જુદા જુદા પોઈન્ટસ પરના પેટ્રોલીંગના કારણે આ વર્ષે નબળા પરિણામથી જિલ્લામાં એક પણ આત્મહત્યાનો કિસ્સો નોંધાવા પામ્યો નથી.

જીવન આસ્થા હેલ્પલાઈન દ્વારા આત્મહત્યા કરવાનો વિચાર કરતા નાસીપાસ થયેલ નાગરિકોને કાઉન્સિલીંગ કરી આત્મહત્યા કરતા અટકાવવા પ્રયત્ન કરાય છે. છેલ્લા દોઢ વર્ષમાં આ હેલ્પલાઈન પર ૨૨ હજારથી વધુ કોલ્સ મળ્યા છે. જેમાં ટેલી કાઉન્સિલીંગ દ્વારા આત્મહત્યા માટે મન બનાવી ચુકેલા ૬૦થી વધુ હતાશ નાગરિકોને આત્મહત્યા કરતા રોકવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. જીવનના કોઈપણ તબક્કે હતાશ અને નાસીપાસ થયેલ માનવી આત્મહત્યા કરવા પ્રેરાય ત્યારે આ હેલ્પલાઈન પર કરેલ કોલ તેને આત્મહત્યા કરવાનુ ટાળવા પ્રેરિત કરતુ કાઉન્સિલીંગ કરવામાં આવે છે. મોટે ભાગે બોર્ડની પરીક્ષાના પરિણામ પહેલા અને પછીના સમયે પરિણામની ચિંતા અને નબળા પરિણામથી હતાશ વિદ્યાર્થીઓ તથા વાલીઓના કાઉન્સિલીંગની મદદ માટેના ફોન આવે છે. સામાન્ય દિવસોમાં આ પ્રકારના કોલ્સની સંખ્યા ૩૦થી ૩૫ હોય છે. પરંતુ પરિણામના દિવસોમાં આ સંખ્યા ૧૫૦થી વધુ પર પહોંચી જવા પામી હતી. આ સાથે પોલીસ દ્વારા જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ પર કાઉન્સિલર્સ સાથે પીસીઆર વાનનું સતત પેટ્રોલીંગ કરાયુ હતુ. જેના ફળસ્વરૂપે આ વર્ષે જિલ્લામાં નબળા પરિણામને કારણે એક પણ આત્મહત્યાનો કિસ્સો નોંધાયો નથી.

### સતત ૨૪ કલાક ચાલતી હેલ્પલાઈન

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્ર યાદવે જણાવ્યુ છે કે 'સરકારી પ્રોજેક્ટ દ્વારા કોઈ પણ વ્યક્તિને આત્મહત્યા કરતા રોકવી એ બાબતે પોલીસ અધિકારી તરીકે હું ખુબજ ધન્યતા અનુભવુ છુ.' આ માટે તેમણે જીવન આસ્થાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. જીવનઆસ્થા હેલ્પલાઈન ૧૮૦૦ ૨૩૩૩૩૩૦ સતત ૨૪ કલાક રજા પાડ્યા વગર કામ કરતી હેલ્પલાઈન છે. જેના કોલર્સની વિગતો ગુપ્ત રાખવામાં આવે છે.



### બનાસકાંઠામાં ડ્રાઈવીંગ લાયસન્સ કેમ્પ યોજનાર સદ્ભાવના ગૃપનું સન્માન

ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ બનાસકાંઠા જિલ્લામાં ખાસ વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પો યોજી આરટીઓ કચેરી પાલનપુર મુકામે ૭૦ કેમ્પો યોજી ૩ વર્ષની મહેનત બાદ સદભાવના ગ્રુપ દ્વારા જિલ્લાના દસ હજાર વિદ્યાર્થીઓને ડ્રાઈવિંગ લાઈસન્સ અપાવતા આ વિદ્યાર્થીઓ આજે કાયદાના પાલન સાથે વાહન ચલાવતા થયા છે. ૫૦૦ વિદ્યાર્થીઓની સેલ્ફી વિથ સેફટીના કન્સેપ્ટ સાથે શનિવારે પાલનપુર મુકામે નવા બસસ્ટેન્ડના ખાતમુહૂર્ત પ્રસંગે લાઈસન્સ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની હેલ્મેટ સાથેની એક શિસ્તબદ્ધ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની પૂર્ણાહૂતિ સમયે જાહેર મંચ પરથી સન્માનપત્ર આપી સદ્ભાવના ગ્રુપના હરેશ ચૌધરીનું આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી જિલ્લા આરટીઓ વિભાગના વડા ડી.એન. પટેલનું ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી દિલીપભાઈ ઠાકોર અને પોલીસ વિભાગમાંથી ડી.વાય.એસ.પી. હેતલબેન પટેલ આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન પત્ર સ્વિકાર્યુ હતુ.

## ઈસનપુર મોટા ગામે શ્રી બહુચર માતાજી પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર તા. ૧

ગાંધીનગર જીલ્લાના ઈસનપુરમોટા ગામે સદભાવ એન્જિનિયરીંગ લિમિટેડના આર્થિક સહયોગ ધ્વારા શ્રી બહુચરમાતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને નામકરણ તથા લોકાર્પણ વિધી યોજાશે આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૪-૬-૧૭ ના રવિવારે સવારે ૦૯:૩૦ વાગે દીપ પ્રાગટ્ય કરાશે સાથે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં બપોરે ૧૨:૩૦ કલાકે શ્રીફળ હોમાવામાં આવશે

ગાંધીનગર જીલ્લાના ઈસનપુરમોટા ગામે સદ્ભાવ એન્જિનિયરીંગ લિમિટેડના આર્થિક સહયોગ ધ્વારા શ્રીમતિ શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ પ્રાથમિક શાળા લોકાર્પણ અને સદ્ભાવપાર્ક , સદ્ભાવ આંગણવાડી, સદ્ભાવ આરોગ્ય ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવશે અને સ્વચ્છ અને સુંદર ગામના સંકલ્પને સાકાર કરનાર પરિવારોનું સન્માન સમારોહ યોજાશે જેમાં ઉદ્ઘાટક તરીકે શ્રી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ અને રાજયોગીની બ્રહ્માકુમારી તારાદીદી (ક્ષેત્રિય સંચાલિકા - ચિલોડા ) આશીર્વચન પાઠવશે મુખ્ય મહેમાન તરીકે શંભુજી સી. ઠેકોર ઉપાધ્યક્ષ-ગુજરાત વિધાનસભા અને અતિથિવિશેષ તરીકે ઘનશ્યામભાઈ અમીન ચેરમેન - ગુજરાત રાજય સહકારી સંઘ, ભુપેન્દ્રભાઈ પટેલ ચેરમેન ઔડા, ઉપસ્થિત રહેશે. પ્રાણ પ્રતિષ્ઠા અને સમારોહના અંતે બપોરે ૧૨.૩૦ કલાકે મહાપ્રસાદ અને સમુહભોજનનું આયોજન કરાયું છે. જેમાં દર્શનનો લાભ લેવા સમસ્ત ગ્રામજનોને, આમંત્રિત મહેમાનોને ઉપસ્થિત રહેવા સદભાવના એન્જીનિયરીંગ દ્વારા જણાવાયું છે.

## જેસીઆઈ ગાંધીનગર ૧૩ એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૧

ગુજરાત ઝોન-૭ જેસીઆઈના અર્ધવાર્ષિક કાર્યક્રમ- મિડકોન, અમદાવાદમાં આપણાં ગાંધીનગરનું જેસીઆઈ-જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ છવાઈ ગયું છે. છેલ્લાં છ મહિનાથી સતત બાળકો, મહિલાઓ અને યુવાનો માટે કાર્ય કરતી સંસ્થા જેસીઆઈનું નેતૃત્વ કરતા પ્રમુખ ડૉ. પરાગી ગાંધી અને તેમની ટીમને ઝોન પ્રમુખ ડૉ. ભુવન રાવલ તથા તેમની ટીમ દ્વારા ૧૩ જેટલા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં એવોર્ડની કેટેગરીમાં એક્સેલન્ટ ચેપ્ટર એવોર્ડ, રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ૩૭,૦૦૦થી વધુના સચ્ચાઈ શપથ, બેસ્ટ એક્ટીવીટી અને રીપોર્ટીંગ, યુથહોસ્ટેલમાં આર.ઓ. પ્લાન્ટ- સુજલ માટે આઉટ સ્ટેન્ડીંગ ગ્રોથ અને ડેવલપમેન્ટ માટે, સૌથી વધુ ટ્રેનિંગનું આયોજન કરવા બદલ, જેસીસના ઓફિસિયલ કોર્સ સૌ પ્રથમ કરવા બદલ, ચેપ્ટર એક્ટીવીટી ફોટો બદલ અને 'શાંતિ શક્ય છે' બેનર હરિફાઈનો સમાવેશ થાય છે. ડૉ. પરાગી ગાંધીને આઉટસ્ટેન્ડીંગ પ્રેસિડન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. તેમજ જેસીરેટ ચેરપર્સન રોનક પંડ્યાને જેસીરેટ વીકની ઉજવણીમાં સતત સાત દિવસના કાર્યક્રમ બદલ આઉટસ્ટેન્ડીંગ જેસીરેટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે અને જેજે ચેરપર્સન કાજલ વૈષ્ણવને બાળકોની પ્રવૃત્તિઓ માટે સન્માનિત કરવામાં આવેલ છે.

ઉપરાંત ડૉ. ભાવિશા પંચાલ તથા રાજબીર ગંગવાનીને અનુક્રમે ફેશન શો અને ડાન્સમાં ઈનામો મેળવેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગાંધીનગર જેસીસના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



### જવાબી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. ઘાયલોમાં બીએસએફ જવાનનો સમાવેશ થાય છે. ત્યારબાદ ભારતે આક્રમક કાર્યવાહી હાથ ધરી હતી. સેનાના પ્રવક્તા લેફટી કર્નલ મનિષ મહેતાએ કહ્યું છે કે, પાકિસ્તાની સેનાએ સવારે ૭.૩૦ વાગે રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં અંકુશરેખા ઉપર ભારતીય ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. મોર્ટાર ઝીંકવામાં આવ્યા બાદ ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાની સૈનિકોએ ૭.૪૦ વાગે પૂંચ જિલ્લામાં અંકુશ રેખા નજીક કૃષ્ણાઘાટી સેક્ટરમાં પણ ગોળીબાર કર્યો હતો. અંકુશરેખા ઉપર બાલનોઇ અને માનકોર સેક્ટરમાં પણ ગોળીબાર કરાયો હતો. આ વર્ષે મે મહિનામાં પાકિસ્તાની સેના તરફથી કરવામાં આવેલી કાર્યવાહીમાં આશરે ૧૨૦૦૦ લોકો અસરગ્રસ્ત થયા છે. અંકુશરેખા પર વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ રહી છે. ૧૭મી મેના દિવસે પાકિસ્તાની સેનાએ રજૌરી જિલ્લાના બાલાકોટ સેક્ટરમાં અંકુશરેખા પર સ્થિત ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. ૧૫-૧૬મી મેના દિવસે રાજૌરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની સેનાએ નિવાસી ક્ષેત્રોમાં ગોળીબાર કર્યો હતો. ૧૩મી મેના દિવસે નૌશેરા વિસ્તારમાં અંકુશ રેખા નજીક નાગરિક વિસ્તારમાં પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો જેમાં બે લોકોના મોત થયા હતા. અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. હાલમાં જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ હળવી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે આતંકવાદીઓ દ્વારા વારંવાર સતત ગોળીબાર કરવામાં આવી રહ્યા છે જેના કારણે સ્થિતિ સુધરવાના બદલે વણસી રહી છે. સ્થાનિક લોકોના સમર્થનના લીધે ત્રાસવાદીઓ સ્થિતિનો લાભ ઉઠાવવામાં સફળ રહ્યા છે. સેનાને પણ સર્ચ ઓપરેશનમાં તકલીફ થઈ રહી છે. બીજી બાજુ પાકિસ્તાની સેના ત્રાસવાદીઓને ઘુસાડવાના હેતુસર અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર નિયમિત યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબાર કરી રહી છે.

### વિકાસ દર પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષના ગાળામાં અર્થવ્યવસ્થામાં વિશ્વસનીયતા પરત ફરી છે. વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લઈ જોવામાં આવે તો જીડીપીનો દર ખુબ સારો રહ્યો છે. મિડિયા સાથે વાતચીત કરતા જેટલીએ કહ્યું હતું કે, હવે વિદેશી મૂડીરોકાણકારો ફરીવાર ભારત તરફ જોઈ રહ્યા છે. વર્તમાન સરકારના કઠોર અને મોટા નિર્ણયો લેવાની ક્ષમતાથી દેશને ફાયદો થયો છે. જેટલીએ નોટબંધીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આનાથી ત્રણ ફાયદા થાય છે. નોટબંધીના પરિણામ સ્વરુપે લોકો કેશ લેવડદેવડથી દૂર થયા છે. ડિજિટલાઈઝેશનમાં વધારો થયો છે. બીજી તરફ ચુકવનાર લોકોની સંખ્યામાં સતત વધારો થયો છે. બ્લેકમનીના સમાન્તર અર્થતંત્રની વ્યવસ્થા ખતમ થઈ છે. જીએસટી લાગૂ કરવા સાથે સંબંધિત એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે. જીએસટીથી ટેક્સ ઘટશે. જીએસટીથી અર્થવ્યવસ્થા નકારાત્મક અસર થશે તે પ્રકારની આશંકા બિલકુલ આધારવગરની છે. જેટલીએ કહ્યું હતું કે , ૭-૮ ટકાનો આર્થિક વિકાસ દર ખુબ જ વાજબી છે. વર્તમાન વૈશ્વિક સ્થિતિ વચ્ચે આ દર સારો રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બેંકોની નોન પરફોર્મિંગ એસેટ (એમપીએ) ખુબ જ ચિંતાનો વિષય રહ્યો છે. આના કારણે ખાનગી મૂડીરોકાણને અસર થઈ છે.

### શહેરી બસ સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપના શાસકો ગાંધીનગરને સ્માર્ટસીટી બનાવવાની મોટી મોટી જાહેરાતો કરે છે, પરંતુ પબ્લિકની જીવાદોરી સમાન શહેરી બસ (સીટી બસ) સેવા સદંતરપણે બંધ થઈ ગયેલ છે, છતાં પણ શાસકપક્ષના પેટનુ પાણી હાલતુ નથી, શાસકપક્ષની ભ્રષ્ટાચારની નીતિના લીધે છેલ્લા ત્રણ મહિનાથી શહેરી બસ સેવા સદંતરપણે બંધ છે અને આનો ભોગ શહેરની દેરક પબ્લિક બની રહી છે. જેમાં મોટેભાગે વિદ્યાર્થીઓ, સીનીયર સીટીજનો, મહિલાઓ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારથી અપડાઉન કરતા દરેક નાગરિકો અત્યારે હાલ આટલી કાળઝાળ ગરમીમાં શહેરી બસ સેવા વગર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. અને શહેરી બસ સુવિધા બંધ હોવાથી પ્રજાની મજબુરીનો ફાયદો પ્રાઈવેટ સાધનોવાળા ઉઠાવી રહ્યા છે, તો તાત્કાલિક ધોરણથી આનુ નિવારણ લાવવુ.

અગાઉ બે વાર શહેરી બસના ટેન્ડરો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યા હતા. પરંતુ શાસકપક્ષ જોડે એજન્સીને કોઈ કારણે સેટ ના થતા બે બે વાર ટેન્ડર કેન્સલ કરવામાં આવ્યા હતા. તો કેન્સલ કરવાનું કારણ શું ? એનો જવાબ આપવો. એક વાર સિંગલ ટેન્ડર આવે તો ઓપન ના કરાય પરંતુ, બીજી વાર પણ સિંગલ ટેન્ડર આવે તો તેને ઓપન કરીને તેને કામ આપવુ જોઈએ. તો બે બે વાર ટેન્ડર કેન્સલ કરવાનુ કારણ શું ? આમાં ભ્રષ્ટાચાર થતો હોય તેવુ સ્પષ્ટ થાય છે.

### ગઢીયો ઝડપાયો...

● ત્રીજા પાનાનું ચાલુ

લઈને સચિવાલય પહોંચ્યા અને નાગજી પણ સચિવાલય આવ્યો. તેને અગાઉ જે ડીટેઈલ લીધી હતી તેના આધારે ખેરાલુ પાસે કોઈ જગ્યાએથી બંનેના નામજોગ બોગસ કોલ લેટર તૈયાર કરીને નાગજી લેતો આવ્યો હતો. સચિવાલયના પાર્કિંગમાં નાગજીએ અરૂણકુમારને કહ્યુ કે રૂપિયા લાવ્યા છો ને ? જવાબ હા મળતા નાગજીએ ઉમેર્યું કે તેમાંથી રૂ. ૩૦ હજાર આપો, કોલ લેટર ટાઈપ કરશે તે ક્લાર્કને આપવા પડશે. તમે અહી બેસો હુ કોલ લેટર કઢાવીને લાવુ તેમ કહીને નાગજી સચિવાલયના કોઈ બ્લોકમાં ઘુસી ગયો. થોડીવાર રહીને ચા-પાણી કરીને પરત આવ્યો અને ખેરાલુથી બનાવેલા બંને બોગસ કોલ લેટર આપી અરૂણકુમારને વિશ્વાસમાં લઈ નાગજીએ કહ્યુ કે હવે સાહેબની સહી કરવાની બાકી રહી..! ૮ લાખ રૂપિયા આપો એટલે હુ આપતો આવુ પછી સહી કરાવવા તમને સાથે લઈ જઈશ. રૂપિયા અરૂણકુમારે આપ્યા એટલે નાગજી બ્લોક તરફ ગયો અને અંદર ફરીને થોડીવારમાં પાછળના રસ્તે થઈ પાર્કીંગમાં પરત ગયો અને ગાડી લઈને ૮ લાખ સાથે સરકી ગયો હતો. અરૂણભાઈ સચિવાલયમાં તેના આવવાની રાહ જોતા રહ્યા પછી ખબર પડી કે તેમને નાગજી ચુનો લગાવી જતો રહ્યો છે. સે. ૭ પોલીસને ફરિયાદ આપતા અરૂણકુમાર સાથેની છેતરપીંડી એસપી વિરેન્દ્રસિંહ યાદવને ધ્યાને આવી હતી. એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાને સુચના આપતા એસઓજી પીએસઆઈ ડી.ડી. પરમાર તથા એલ.એસ. ચૌધરીએ નાગજીને પકડવા કવાયત શરૂ કરી દીધી હતી. નામ અને નંબરને આધારે આ શખ્સને ટ્રેસ કરી ગણતરીના કલાકોમાં એસઓજીની ટીમે નાગજીને પકડી પાડી સફળતા મેળવી છે. આરોપીની વધુ પુછપરછ શરૂ કરવામાં આવી છે.

### તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

ડૉક્ટરે કહ્યું, હજુ સુધી ઝીકાની કોઈ દવા શોધાઈ નથી. વધારે પડતો આરામ કરો. વધારે પડતો પ્રવાહી ખોરાક લો. જરૂર પડે તો દૂખાવાની અને તાવની દવા લો. અને હા, લોહી પાતળું કરવાની દવા જેમકે ASPIRIN ન લેવી. કારણ કે ઝીકા વાઈરસ આ પ્લેટલેટ બહુ ઓછા થઈ જાય છે. કોઈ પણ સ્ટેરોઈડ ન લો. ઝીકા વાઈરસનો ચેપ લાગ્યો હોય ત્યારે પહેલા અઠવાડિયામાં બ્લડમાં ઝીકા વાઈરસનાં એન્ટીજન દેખાય છે. પણ કમનસીબે હજુ ઝીકા વાઈરસને શોધવા માટે કોઈ સરળ પદ્ધતિ ઉપલબ્ધ નથી. રમેશભાઈ બોલ્યા, તો તો સાહેબ આ ચિકનગુનિયા અને ડેન્ગ્યુ જેવું જ છે. ડૉક્ટરે કહ્યું હા, પણ ઝીકા વાઈરસ એ SEXUAL TRANSMITIONથી પણ થાય છે અને દુઃખની વાત એ છે કે એકવાર માણસના શરીરમાં ઝીકા વાઈરસે પ્રવેશ કર્યો તો પુરુષના વીર્યમાં બ્લડ કરતા પણ વધારે સમય સુધી જીવે છે. પણ હજુ એ તપાસ નથી થઈ કે કેટલા સમય સુધી વીર્યમાં ઝીકા વાઈરસ હશે. રમેશભાઈ બોલ્યા સાહેબ આ તો બહુ ખરાબ કહેવાય. સ્ત્રી અને પુરુષ જ્યારે ભેગા થાય ત્યારે વીર્ય વાટે સ્ત્રીના શરીરમાં ઝીકા વાઈરસ પ્રવેશ કરી નાખે એમ જ ને. ડૉક્ટર સાહેબે કહ્યું કે એટલે ખાસ ઝીકા વાઈરસવાળા પુરુષે કોન્ડોમનો ઉપયોગ કરવો જોઈએ. પણ જે ગર્ભવતી સ્ત્રી હોય તેમાં તો ઝીકા વાઈરસ જવાનાને ? ડૉક્ટરે કહ્યું કે આમાં જ ડેન્ગ્યુ અને ચિકનગુનિયાથી વધારે ગંભીર સ્થિતિ છે. ઝીકા વાઈરસ સ્ત્રીના શરીરમાંથી થનાર બાળકના મગજ ઉપર અસર કરે છે. જેને MICRO CEPHALY (માઈક્રો કેફેલી) લઈને ખૂબ ખરાબ બાળક જન્મે છે. એ રીતે ઝીકા વાઈરસ બહુ જ ખરાબ છે. એટલે ખૂબ ધ્યાન રાખવા જેવું છે. જ્યારે પ્રેગનેન્સી પ્લાન કરતા હોવ ત્યારે ઝીકા વાઈરસવાળા પ્રદેશમાં ન જવું જોઈએ. શરદી - ઉધરસ અને ખાંસીથી ખાસ બચતા રહેવું અને માથું દુઃખે, શરીર પર ચકામા પડી જાય કે સાંધાનો દુઃખાવો થાય તો તરત જ ડૉક્ટરની સલાહ લેવી. ખૂબ આરામ કરવો, વધારે પ્રમાણમાં પ્રવાહી ખોરાક લેવો. કૃષ્ણકાન્તભાઈ બોલ્યા, સાહેબ આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે આપના દેશનું વાતાવરણ ઝીકા વાઈરસને અનુકૂળ ન આવે. અને લોકો આનંદિત રહે અને આવનાર બાળક પર જે ભય દેખાઈ રહ્યો છે તેમાંથી ભારત દેશ મુક્ત રહે. આ તો રહી આપની દેશ પ્રત્યેની અને લોકો પ્રત્યેની લાગણી. ભારતીયો અને ખાસ કરીને ગુજરાતીઓને બહાર ફરવાના બહુ જ અભરખા હોય છે. આફ્રિકા જવાનું તો ગુજરાતીઓને બહુ ગમે છે અને આફ્રિકામાં આવા ઘણા વાઈરસ લઈને આપણા દેશમાં આવે છે અને આખા રાજ્યમાં તેઓ જ વાઈરલ ફીવર ફેલાવામાં જવાબદાર છે. તકલીફ એ છે કે આપને ત્યાં હજુ ઝીકા વાઈરસ શોધવા માટે કોઈ પણ પ્રકારની કીટ હાજર નથી ત્યારે ઝીકા વાઈરસ સૌથી વધારે આપણને એટલે કે ગુજરાતીઓને ભવિષ્યમાં ૧૦૦ ટકા હેરાન કરશે અને હવે આવનાર પેઢી ઝીકા મુક્ત હોય તેવું કરવાની સરકારની પ્રાથમિક જરૂરિયાત છે અને મોટી ચેલેન્જ છે. અત્યારે બ્રાઝિલ, અમેરિકા અને આફ્રિકા આપણા કરતા બધી રીતે આગળ હોવા છતાં ઝીકા વાઈરસથી થાકી ગયા છે. કશું ના થઈ શકે ત્યારે હાથ જોડીને પ્રાર્થના સિવાય બીજું કઈ ન થઈ શકે. ભગવાનને ખરા હૃદયથી પ્રાર્થના કરીએ કે ગુજરાત અને ભારતનું વાતાવરણ ઝીકા વાઈરસને પસંદ ન પડે. શક્ય હોય તેટલું વહેલા ઝીકા વાઈરસનું નિદાન થવું ખાસ જરૂરી છે. હજુ પણ સમય છે ઝીકા વાઈરસથી બચવા માટે જે કંઈ કરવું પડે તે કરીએ.

અમદાવાદમાં ત્રણ ઝીકા વાયરસના પોઝીટીવ કેસ મળ્યા. બોલો હવે શું...?

વધુ આવતા અંકે...